# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૭/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'હાઉ વીલ કોવિડ ૧૯ ક્રાઇસિસ પોસીબલી ચેન્જ ટાઇસ બિટવીન ઇન્ડિયન એસએમઇઝ એન્ડ બેંક્સ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સવારે ૧૧:૦૦ કલાકે 'હાઉ વીલ કોવિડ ૧૯ ક્રાઇસિસ પોસિબલી ચેન્જ ટાઇસ બિટવીન ઇન્ડિયન એસએમઇઝ એન્ડ બેંક્સ' વિશે વિડિયો કોન્ફરન્સ (વેબિનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે એન.એસ.આઇ.સી.ના ભૂતપૂર્વ સીએમડી અને પાવર ટુ એસએમઇ પ્રા.લિ.ના ડાયરેકટર ડો. એચ.પી. કુમાર તથા સ્મોલ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઇન્ડિયા (સિડબી)ના આસિસ્ટન્ટ જનરલ મેનેજર તેમજ સુરત બ્રાન્ચના ઇન્ચાર્જ સુશ્રી અનિશા પાલ દ્વારા મુશ્કેલીમાં મુકાયેલા લઘુ ઉદ્યોગોને બચાવવા માટે સરકાર અને બેંકો દ્વારા શું પગલા લેવા જોઇએ તે અંગે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનની સ્થિતિમાં ઉદ્યોગકારો અને લોકો સુધી માહિતી પહોંચાડવા માટે ચેમ્બર દ્વારા અસરકારક વેબીનારોનું આયોજન કરવામાં આવી રહયું છે ત્યારે લોકડાઉન બાદ ઇન્ડસ્ટ્રી માટે સૌથી વિપરીત પરિસ્થિતિ ઉભી થશે. જેમાં લિકવીડિટીના અને લેબરોના પ્રશ્નોનો સામનો કરવો પડશે. આવા સમયે બેંકોનો ઇન્ડસ્ટ્રીને સપોર્ટ ખૂબ જ મહત્વનો બની રહેશે.

ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, લઘુ ઉદ્યોગોની હાલત પહેલા પણ જોઇએ તેટલી સારી ન હતી. ગુજરાતના ૪૮ ટકા લઘુ ઉદ્યોગો એકમાત્ર દક્ષિણ ગુજરાતમાં છે. અત્યારની મુશ્કેલીના સમયે ઉદ્યોગોને લિકવીડિટી માટે બેંકોનો રોલ ખૂબ જ મહત્વનો બની રહેશે. ભારતમાં લઘુ ઉદ્યોગો માટે ઘણી સારી તકો છે પણ એના માટે સરકારે ઇન્ડસ્ટ્રીને સપોર્ટ કરવાની જરૂરિયાતી ઉભી થઇ છે.

ડો. એચ.પી. કુમારે જણાવ્યુ હતુ કે, બેન્કીંગ સેકટર પાસે ઉદ્યોગોને ઉપયોગમાં આવી શકે એવું બહોળું ફંડ ઉપલબ્ધ છે, જો સરકાર યોગ્ય પગલા ભરે તો નાણાંકીય તકલીફોમાંથી બહાર નીકળી શકાશે. બેંકો પાસે રૂપિયા ૩ લાખ ૭૫ હજાર કરોડની લિકવીડિટી ઉપલબ્ધ છે. એમએસએમઇ સેકટરના યુનિટોના એકાઉન્ટ્સ તેમજ ગેરંટી તપાસીને એડીશનલ વર્કીંગ કેપીટલ આપી શકાય તેમ છે. બેંકો માટે આવું કરવું મુશ્કેલ નથી. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા આ દિશામાં ૧૦ ટકા એડીશનલ વર્કીંગ કેપીટલ આપવાની વિચારણા ચાલી રહી છે. જો સરકાર ધારે તો અન્ય રાષ્ટ્રીયકૃત બેંકો પણ આગળ આવી ઉદ્યોગોને સપોર્ટ કરશે તો ઉદ્યોગો બચી જશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કર્મચારીઓની સેલરી તેમજ અન્ય ખર્ચાઓને પહોંચી વળવા માટે ઉદ્યોગો દ્વારા સરકાર સમક્ષ આર્થિક પેકેજની માંગણી કરવામાં આવી રહી છે. ઉદ્યોગોને બચાવવા માટે સરકાર પણ ચિંતિત છે. ઉદ્યોગોને બચાવવા માટે સરકાર દ્વારા કદાચ આર્થિક પેકેજની પણ જાહેરાત થઇ શકે તેમ છે પણ આવું કયારે થાય તે હાલ ચોકકસપણે કહી શકાય તેમ નથી.

સુશ્રી અનિશા પાલે જણાવ્યુ હતુ કે, સિડબી અને નોન બેન્કીંગ ફાયનાન્સ સેકટર પાસે ઉદ્યોગોને આપવા બહોળું ફંડ ઉપલબ્ધ છે, જેનો લાભ લેવા તેમણે ઉદ્યોગકારોને અનુરોધ કર્યો હતો. સિડબી ઉદ્યોગકારોને લોન આપવા માટે તૈયાર છે પણ એના માટે તેમની પાસે પરફેકટ ડોકયુમેન્ટેન્શન હોવુ જોઇએ. ઉદ્યોગો માટે ચેમ્બરના નેજા હેઠળ સરકારને રજૂઆત કરી શકાય છે પણ સાથે જ સરકારને ઉદ્યોગોનો યોગ્ય ડેટા આપવામાં આવે તેમ પણ તેમણે સૂચન કર્યુ હતુ.

બેન્કીંગ ક્ષેત્રે ઉદ્યોગોના વિકાસ માટે જૂના ઢાચામાંથી બહાર નીકળીને ઉદ્યોગો માટે નવી ઉભી થનારી મુશ્કેલીને પહોંચી વળવા કેમ આગળ આવવું એની પણ વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવી હતી. તદુપરાંત એમએસએમઇને મજબુત બનાવીને ભારતના મેન્યુફેકચરીંગ સેગ્મેન્ટને સેલ્ફ સસ્ટેનીંગ બનાવવા માટે શું પગલા લઇ શકાય તેની પણ બહોળી ચર્ચા કરવામાં આવી હતી. ઇમ્પોર્ટ ઘટાડીને દેશમાં ઉત્પાદન વધારીને સ્વનિર્ભર કેમ બની શકાય એ દિશામાં પણ માર્ગદર્શક ચર્ચા થઇ હતી.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની એમએસએમઇ સેકટર કમિટીના ચેરમેન શ્રી પંકજ ત્રિવેદીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.